# શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

સંચાલિત

# માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ

**Website :** www.jainshikshan.org **E mail :** jainshikshanboard@gmail. com

**૭ જુલાઈ ૨૦૨૪ મહિલા મંડળ કુલ ગુણ : ૧૦૦**

**સૂચના : ૧) જે પ્રમાણે સવાલ પૂછ્યા હોય તે જ પ્રમાણે જવાબ લખવા. વાર્તા કે થોકડાના લાંબા જવાબ લખવા નહિ.**
**૨) આપના જવાબ પેપરમાં આપે ઓપન બુક આપી છે કે રેગ્યુલર તે ખાસ લખજો. જેમણે નહીં લખ્યું હોય તેમનો નંબર આવશે તો પણ નંબર આપવામાં નહીં આવે.**

**OPEN BOOK / REGULAR** **શ્રેણી – ૨૩** **WRITER YES / NO**

| | | | |
|---|---|---|---|
| STUDENT NAME | | ROLL NO. | |
| DATE OF BIRTH | | MOBILE NO. | |
| SANGH NAME | | SUPARVISOR NAME | |
| MAHILA MANDAL | | SUPARVISOR SIGN. | |

**MARKS**

| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | TOTAL |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | | |

(૨૦)

**પ્ર.૧ (અ) સામાયિક–પ્રતિક્રમણના આધારે નીચેના પ્રશ્નોના ઉત્તર એક વાક્યમાં આપો. (૧૦)**

૧. ખમાસમણો એટલે શું?

**ખમાસમણો એટલે ક્ષમાશ્રમણ.જે ક્ષમાપૂર્વક તપ કરે તે.**

૨. સાધુપણાની યાદ કરાવનાર શબ્દ કયા છે? મૂળ પાઠ લખો.

**સમણોડહં, સંજય, વિરય, પડિહય.**

૩. સાધુ શેના ત્યાગી હોય છે? **સચેતના, કંચનકામિનીના, માયા–મમતાના.**

૪. બીજું શ્રમણસૂત્ર શેના વિશે છે? **ગોચરીના દોષોથી નિવર્તવાનું છે.**

૫. સાત કુવ્યસનોમાંથી પ્રાણાતિપાતમાં કયા હોય? **મદિરાપાન, માંસાહાર, શિકાર.**

૬. આચાર પ્રકલ્પ એટલે શું? **આચાર એટલે આચારાંગ સૂત્ર પ્રકલ્પ એટલે તેના અધ્યયન વિશેષ.**

૭. નવકારશી એટલે શું? **સૂર્યોદય પછી બે ઘડી સુધી ચારે આહારનો ત્યાગ કરવો.**

૮. નમસ્કાર સૂત્ર બોલવાથી શું ધોવાય છે? **ભવોભવના પાપ ધોવાય છે.**

૯. એક અહોરાત્રિ એટલે કેટલો સમય? **૧ દિવસ–૧ રાત, ૨૪ કલાક, ૮ પ્રહર.**

૧૦. લોગસ્સમાં તીર્થંકરને શેની ઉપમા આપવામાં આવી છે? **ચંદ્ર, સૂર્ય, સાગર.**

**(આ) આવશ્યક સૂત્રના આધારે....** **(૧૦)**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ એક શબ્દમાં લખો.** **(૫)**

૧. પ્રતિક્રમણ શેની સાધના છે? **આત્મવિશુદ્ધિ** ૨. આત્માનું શુદ્ધ સ્વરૂપ **સામાયિક**

૩. તસ્સ ભંતેમાં પ્રતિક્રમણનો આવશ્યક **ગુરુવંદન** ૪. તીર્થંકરોની ભક્તિ કરવાથી **દર્શનવિશુદ્ધિ**

૫. કાળ દ્રવ્યનો અવિભાજ્ય અંશ **સમય** ૬. બે ઘડી એટલે **૪૮ મિનિટ**

૭. શ્રુતજ્ઞાન પ્રાપ્ત કરવું **શ્રુત સામાયિક** ૮. આત્મા શું છે? **સામાયિક**

૯. ત્રીજા આવશ્યકથી શેનો નાશ થાય? **અહંકાર** ૧૦. સામાયિક વિનાની સાધના **શૂન્ય**

**(૨) નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં જવાબ લખો.** **(૫)**

૧. ત્રીજો આવશ્યક શા માટે ગુરુવંદનનો છે? **બીજા આવશ્યકમાં ૨૪ તીર્થંકરોની સ્તુતિ કર્યા પછી તેનો ભક્તિનો પ્રવાહ ગુરુ તરફ વહે છે.**

૨. ગ્રંથોમાં શું કહ્યું છે? **એક શુદ્ધ સામાયિક કરનાર ૯૨૫૯૨૫૯૨૫ પલ્યોપમ દેવાયુષ્ય બાંધે છે.**

૩. સંક્ષેપમાં સામાયિકની સાધનાથી શું થાય છે? **આસ્રવ નિરોધરૂપ સંવર, પૂર્વકૃત કર્મોની નિર્જરા અને પરંપરાએ મોક્ષની પ્રાપ્તિ થાય છે.**

૪. સમ્યગ્દર્શનનું મહત્ત્વ શા માટે છે? **સર્વ પાપકારી પ્રવૃત્તિથી મુક્ત થવા માટે, સમજણપૂર્વક સમભાવમાં સ્થિર થવા માટે સમ્યગ્દર્શનનું મહત્ત્વ છે.**

૫. સામાયિકનું ચોથું લક્ષણ કયું છે? **આર્ત–રૌદ્રધ્યાનનો ત્યાગ કરી ધર્મધ્યાનનું ચિંતન કરવું.**

**(૨૦)**

**પ્ર.૨ (અ) ઠાણાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ બે શબ્દમાં લખો.** **(૧૦)**

૧. કઈ બે સ્ત્રીએ ભગવાનના શાસનમાં તીર્થંકર નામગોત્ર બાંધ્યું? **સુલસા, રેવતી**

૨. ૫ પરથી આવતી ગતિના નામ લખો. **પ્રણોદણ ગતિ, પ્રાગ્ભાર ગતિ**

૩. જીવના રુચક પ્રદેશોમાં શું થતું નથી? **સંકોચ, વિસ્તાર**

૪. કેવળી ઉપદેશ કયા વચનયોગ દ્વારા આપે છે? **સત્ય, વ્યવહાર**

૫. નિરોગી રહેવા શેમાં નિયમિતતા રાખવાની? **આહાર, પાણી**

૬. કેવળ સમુદ્ઘાતમાં ઔદારિક કાયયોગ કયા સમયે હોય? **પહેલા, આઠમા**

૭. શરીર સંપદામાં શું પૂર્ણ હોય? **જ્ઞાનેન્દ્રિય, કર્મેન્દ્રિય**

૮. શૈક્ષ મુનિને શેનો બોધ આપવા ઉદ્યમવંત રહેવું જોઈએ? **આચાર, ગોચર**

૯. બીજ સૂક્ષ્મમાં કયા ઉદાહરણ આપ્યા છે? **રાજગરના બીજ, ખસખસના દાણા**

૧૦. આયુષ્ય પરિણામ એટલે શું? **આયુષ્યનો સ્વભાવ, આયુષ્યની શક્તિ**

**(આ) સૂયગડાંગ સૂત્રના આધારે લખો. (૧૦)**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ કૌંસમાં આપેલા આંકડા પ્રમાણે લખો. (૬)**

૧. શીલ શબ્દના અર્થ (૪) **સ્વભાવ, ચારિત્ર, આચાર-વિચાર, બ્રહ્મચર્ય.**

૨. વીર્યના મુખ્ય ભેદ (૫) **મનોવીર્ય, વચનવીર્ય, કાયવીર્ય, ઈન્દ્રિયવીર્ય, આધ્યાત્મિકવીર્ય.**

૩. સાધુ કેવી ભાષાનો પ્રયોગ કરે? (૩) **હિત, મિત, પરિમિત.**

**(૨) નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો. (૪)**

૧. આત્મ જાગૃત વ્યક્તિ પોતાની શક્તિને ક્યાં વાપરે છે? **આત્મ જાગૃત વ્યક્તિ પોતાની શક્તિને અપ્રમત્ત ભાવે આત્મસાધના કે અંતરશુદ્ધિના માર્ગે વાપરે છે.**

૨. સુશીલ વ્યક્તિ શેની સાધના કરે? **સર્વત્ર સમાધિભાવ અને સમાધિમરણની સાધના કરે.**

૩. કોને સ્વજનો બચાવી શકતા નથી? **પાપકર્મથી પીડિત વ્યક્તિને સ્વજનો બચાવી શકતા નથી.**

૪. સંક્ષેપમાં સકર્મવીર્યક અને અકર્મવીર્યક શું છે? **સકર્મક વીર્ય સંસારવર્ધક છે અને અકર્મકવીર્ય સંસાર નાશક અને આત્મસુખદાયક છે.**

**(૨૦)**

**પ્ર. ૩ (અ) ઉપાસકદશાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો. (૧૦)**

૧. દશ શ્રાવકમાંથી કયા શ્રાવક ચલિત થયા નથી? **કામદેવ અને મહાશતક ચલિત થયા નથી.**

૨. આ સૂત્રમાં કોના જીવનની ચર્ચા છે? **સંપૂર્ણ રીતે શ્રમણોપાસક અને શ્રાવકના જીવનની ચર્ચા છે.**

૩. અવધિજ્ઞાન કયા શ્રાવકોને થયું હતું? **આનંદ અને મહાશતક.**

૪. કયા શ્રાવકોને ઉપસર્ગ આવ્યો નથી? **આનંદ, કુંડકૌલિક, નંદિનીપિતા અને સાલિહીપિતાને ઉપસર્ગ આવ્યો નથી.**

૫. આઠ ગોકુળ કયા શ્રાવકોના હતા? **ચુલણીપિતા, મહાશતક**

૬. પત્નીવધની ધમકીથી કયા શ્રાવકનો વ્રત ભંગ થયો? તેમની પત્નીનું નામ શું હતું?

**પત્નીવધની ધમકીથી સકડાલપુત શ્રાવકનો વ્રત ભંગ થયો. તેમની પત્નીનું નામ અગ્નિમિત્રા હતું.**

૭. ચુલ્લશતક શ્રાવકને શું ઉપસર્ગ આવ્યો? **દેવ દ્વારા ક્રમશઃ ત્રણ પુત્રવધ. અંતે સર્વ સંપત્તિને વેરવિખેર કરવાની ધમકીથી વ્રતભંગ. પત્નીની પ્રેરણાથી પ્રાયશ્ચિત્ત સ્વીકાર.**

૮. સુરાદેવની નગરીનું નામ અને તેઓ હાલમાં ક્યાં છે?

**વારાણસી નગરી. હાલમાં તેઓ પ્રથમ દેવલોકના અરુણકાંત વિમાનમાં છે.**

૯. પ્રાણીઓના ક્રય–વિક્રય સાથે કયો ધંધો ચાલુ હતો? **પ્રાણીઓના ક્રય–વિક્રય સાથે દાસ–દાસીઓના ક્રય–વિક્રયનો ધંધો ચાલુ હતો.**

૧૦. દશ શ્રાવકોને કેટલી પત્ની હતી? **૯ શ્રાવકોને એક પત્ની અને મહાશતક શ્રાવકને ૧૩ પત્ની હતી.**

**(આ) સુખ વિપાક સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૦)**

૧. વર્તમાને જે મોક્ષમાં છે તે અધ્યયનના નામ લખી નગરી–માતા–પિતાના નામ લખો. (૬)

| અધ્યયનના નામ | નગરી | માતા | પિતા |
|---|---|---|---|
| સુવાસવકુમાર | વિજયપુર | કૃષ્ણાદેવી | વાસવદત્ત રાજા |
| જિનદાસકુમાર | સૌગંધિકા | અર્હતાદેવી | મહાચંદ્ર રાજકુમાર |
| ધનપતિકુમાર | કનકપુર | શ્રીદેવી | વૈશ્રમણ રાજા |
| મહાબલકુમાર | મહાપુર | સુભદ્રાદેવી | બલ રાજા |
| ભદ્રનંદીકુમાર | સુઘોષ | તત્ત્વવતી રાણી | અર્જુન રાજા |
| મહાચંદ્રકુમાર | ચંપા | રક્તવતી રાણી | દત્ત રાજા |

૨. પંદર ભવે મોક્ષે જવાના છે તે અધ્યયનના નામ લખી પત્ની–પૂર્વભવ–આહારદાન કોને આપ્યુ (૪)

| અધ્યયનના નામ | પત્ની | પૂર્વભવ | આહારદાન |
|---|---|---|---|
| સુબાહુકુમાર | પુષ્પચૂલા પ્રમુખ ૫૦૦ રાજકન્યા | સુમુખ ગાથાપતિ | સુદત્ત અણગાર |
| ભદ્રનંદીકુમાર | શ્રીદેવી પ્રમુખ ૫૦૦ રાજકન્યા | વિજય કુમાર | યુગબાહુ તીર્થંકર |
| સુજાતકુમાર | બલશ્રી પ્રમુખ ૫૦૦ રાજકન્યા | ઋષભદત્ત ગાથાપતિ | પુષ્પદત્ત અણગાર |
| વરદત્તકુમાર | વીરસેના પ્રમુખ ૫૦૦ રાજકન્યા | વિમલવાહન રાજા | ધર્મરુચિ અણગાર |

(૨૦)

**પ્ર.૪ ઉત્તરાધ્યયન સૂત્રના આધારે જવાબ લખો.**

**(૧) નીચેની ગાથાઓ પૂર્ણ કરી ભાવાર્થ લખો. (૧૫)**

૧. સોરિય **પુરંમિ નયરે, આસી રાયા મહિડ્ઢિએ । સમુદ્દવિજયે નામં, રાયલક્ખણ** સંજુએ ॥

**અર્થ : શૌર્યપુર નગરમાં સમુદ્રવિજય નામના મહાઋદ્ધિવાન રાજા રાજલક્ષણયુક્ત હતા.**

**અથવા**

૧. સોરિય **પુરંમિ નયરે, આસી રાયા મહિડ્ઢિએ ।વસુદેવેત્તિ નામેણં, રાયલક્ખણ** સંજુએ ॥

**અર્થ : શૌર્યપુર નામના નગરમાં મહાઋદ્ધિશાળી અને રાજાના લક્ષણથી યુક્ત મહાસમૃદ્ધ વસુદેવ નામના રાજા રાજ્ય કરતા હતા.**

૨. સવ્વો **સહીહિં ન્હવિઓ, કયકોઉય મંગલો । દિવ્વજુયલ પરિહિઓ, આભરણેહિં** વિભૂસિઓ ॥

**અર્થ : શ્રી અરિષ્ટનેમિને સર્વ ઔષધિઓથી મિશ્રિત જલથી સ્નાન કરાવ્યું. કૌતુકમંગલ કર્યા, દિવ્ય વસ્ત્ર યુગલ પહેરાવ્યા અને ઘરેણાથી વિભૂષિત કર્યા.**

૩. કસ્સ **અટ્ઠા ઈ મે પાણા, એ એ સવ્વે સુહેસિણો । વાડેહિં પંજરેહિં ચ, સન્નિરુદ્ધા ય** અચ્છહિ? ॥

**અર્થ : અરિષ્ટ્અનેમિએ પૂછ્યું કે–આ બધા સુખાર્થી પ્રાણી કયા પ્રયોજનને માટે વાડામાં અને પાંજરામાં પૂરવામાં આવ્યા છે?**

૪. સોઉણ **રાયકન્ના, પવજ્જં સા જિણસ્સ ઉ । નીહાસા યા નિરાણન્દા, સોગેણ ઉ** સમુચ્છિયા ॥

**અર્થ : એ રાજકન્યા ભગવાનની પ્રવ્રજ્યા – દીક્ષા સુણીને હાસ્ય અને આનંદથી રહિત થઈને શોકથી મૂર્ચ્છિત થઈ.**

૫. દટ્ઠૂણ **રહનેમિં તં, ભગ્ગુજ્જોય પરાજિયં । રાઈમઈ અસંભન્તા, અપ્પાણં સંવરે** તહિં ॥

**અર્થ : ભગ્નચિત્ત, સંયમ પ્રતિ નિરુત્સાહ અને સ્ત્રી પરિષહથી પરાજિત રહનેમિને જોઇને રાજેમતી નિભિર્ક બની અને તેણે પોતાનું શરીર ઢાંક્યું.**

**(૨) નીચેના વાક્યો પરથી ગાથા લખો.** **(૫)**

૧. રાજેમતીએ પણ એને જોયા.

**ચીવરાઈ વિસારન્તી, જહા જાય ત્તિ પાસિયા । રહનેમી ભગ્ગચિત્તો, પચ્છા દિટ્ઠો ય તીઈ વિ ॥**

૨. ભંડારી ભંડારનો સ્વામી નથી.

**ગોવાલો ભંડવાલો વા, જહા તદ્દવ્વનિસ્સરો । એવં અણિસ્સરો તં પિ, સામણસ્સ ભવિસ્સસિ ॥**

૩. રૈવતક પર્વત પધાર્યા.

**દેવ મણુસ્સ પરિવુડો, સિવિયારયાણં તઓ સમારૂઢો ।**

**નિક્ખમિય બારગાઓ, રેવયંમિ ટ્ઠિઓ ભગવં ॥**

**(૨૦)**

**પ્ર. ૫ (અ) ભગવતી સૂત્રના આધારે જવાબ લખો.** **(૧૦)**

૧. આખા સંસારકાળમાં તીર્થંકર, ચક્રવર્તી, વાસુદેવ અને આહારક લબ્ધિ કેટલીવાર પ્રાપ્ત થઈ શકે?

**આખા સંસારકાળમાં તીર્થંકર એક વાર, ચક્રવર્તી બે વાર, વાસુદેવ ત્રણ વાર અને આહારક લબ્ધિ ચાર વાર પ્રાપ્ત થઈ શકે.**

૨. ધર્મદેવ વધારે કે ભવિય દ્રવ્યદેવ? કેટલા? શા માટે? **ભવિય દ્રવ્યદેવ વધારે. અસંખ્યાતગુણા કારણ કે દેવ ગતિમાં જનારા દેશવિરતિ, અવિરતિ સમ્યગ્દૃષ્ટિ આદિ (તિર્યંચ પંચેન્દ્રિય) અસંખ્યાતા છે.**

૩. ૧૮ દોષમાંથી ૧૮ પાપસ્થાનકમાં કયા દોષ છે? નરદેવનું આંતરું કેટલું છે?

**અસત્ય, ચોરી, ક્રોધ, માન, માયા, લોભ, રતિ-અરતિ. નરદેવનું આંતરું જઘન્ય એક સાગરોપમ ઝાઝેરું ઉત્કૃષ્ટ અર્ધ પુદ્ગલ પરાવર્તનકાળ.**

૪. દેવાધિદેવ વિકુર્વણા કરે? શા માટે? ભાવદેવનો ગતિ દ્વાર લખો.

**દેવાધિદેવ વિકુર્વણા ન કરે કારણ તેઓ અનંત શક્તિના ધારક છે,પરંતુ વીતરાગી હોવાને કારણે છાદ્મસ્થિક સમુદ્ઘાત કરતા નથી તેમ જ કોઇપણ લબ્ધિનો પ્રયોગ કરતા નથી.**

**ભાવદેવની ગતિ-૧૫ કર્મભૂમિ, ૫ સંજ્ઞી તિર્યંચ, બાદર પૃથ્વી, પાણી, વનસ્પતિ એ ૨૩ ના અપર્યા. અને પર્યાપ્તા એ ૪૬ ભેદની.**

૫. આંકડામાં જવાબ લખો. ૧) મુકુટબંધ રાજા **૩૨૦૦૦** ૨) ભાવદેવની આગત **૧૧૧**

૩) નરદેવની જઘન્ય સંચિટ્ઠણા **૭૦૦ વર્ષ** ૪) દેવાધિદેવના ગુણ **૧૨**

**(આ) કોઠો બનાવીને માર્ગણા લખો.** **(૧૦)**

| માર્ગણા | ના. | તિ. | મનુ. | દેવ | કુલ ભેદ |
|---|---|---|---|---|---|
| ૧. તિર્ચ્છાલોક બાદર પર્યાપ્તા | ૦ | ૧૯ | ૧૦૧ | ૩૬ | ૧૫૬ |
| ૨. તિર્ચ્છાલોક નોગર્ભજ કૃષ્ણલેશી ત્રસ | ૦ | ૧૬ | ૧૦૧ | ૫૨ | ૧૬૯ |
| ૩. તિર્ચ્છાલોક મિશ્ર દૃષ્ટિ | ૦ | ૫ | ૧૫ | ૩૬ | ૫૬ |
| ૪. તિર્ચ્છાલોક પંચેન્દ્રિય શાશ્વતા | ૦ | ૧૫ | ૧૦૧ | ૩૬ | ૧૫૨ |
| ૫. તિર્ચ્છાલોક સમુચ્ચય નપુંસક વેદ | ૦ | ૪૮ | ૧૩૧ | ૦ | ૧૭૯ |
| ૬. તિર્ચ્છાલોક કૃષ્ણલેશી નોગર્ભજ | ૦ | ૩૮ | ૧૦૧ | ૫૨ | ૧૯૧ |
| ૭. અધોલોક મિશ્ર દૃષ્ટિ | ૭ | ૫ | ૧ | ૧૦ | ૨૩ |
| ૮. તિર્ચ્છાલોક નોગર્ભજ ત્રસ | ૦ | ૧૬ | ૧૦૧ | ૭૨ | ૧૮૯ |
| ૯. તિર્ચ્છાલોક દેવતા | ૦ | ૦ | ૦ | ૭૨ | ૭૨ |
| ૧૦. તિર્ચ્છાલોક પંચેન્દ્રિય સમ્યગ્દૃષ્ટિ | ૦ | ૧૫ | ૯૦ | ૭૨ | ૧૭૭ |

**જય જિનેન્દ્ર**


- **PLEASE CONATADØCT DSB HELPLINE NO. 9702277914 FOR FREE ONLINE SHRENI CLASSES.**
- **NEXT CLASS STARTS AUGUST 6TH/7TH MONDAY AND TUESDAY**
- **TO JOIN OUR TELEGRAM GROUP. CONTACT DSB HELPLINE NO. 9702277914**
- **FOR BOOKS AND EXAM REGISTRATION**